**<u>ક્રિમી. પરચુ. અરજ નંબર ૯૨/૨૦૨૬ ના કામે આંક-૧ લગત હુકમ</u>**

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારના કાકાના દિકરા તેમના ભાઇ પટેલ કનુભાઇ કાળીદાસનો જન્મ મોજે નંદાસણ, તા.કડી મુકામે તા.૦૧-૦૬-૧૯૬૨ ના રોજ થયેલ છે અને તે મુજબ તેની જન્મની નોંધણી નંદાસણ ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરે કરાવેલ છે. અરજદારની રજુઆત છે કે, તેઓ અરજદારના કાકાના દિકરા તેમના ભાઇ પટેલ કનુભાઇ કાળીદાસને શાળામાં દાખલ કરેલ ત્યારે વડીલોની શરતચુકના કારણે તેઓ અરજદારના ભાઇનું નામ કનૈયાલાલ લખાવી દીધેલ છે. અરજદારના ભાઇને સરકારી કામકાજ માટે ભવિષ્યમાં જરૂર હોઇ જેથી અરજદારના ભાઇના જન્મના દાખલા મુજબ અરજદારના ભાઇનું સાચુ અને ખરું નામ કનુભાઇ છે. એ મુજબનો સુધારો કરાવવા માટે ગુજરાત સેકન્ડરી એજયુકેશન ૧૯૭૪, કલોઝ-૬, રેગ્યુલેશન-૧૨(એ) મુજબ હાલની અરજી કરી અરજીના પેરા-૭ મુજબની દાદ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજીના સંદર્ભમાં સામાવાળાને નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ છે. અરજદારે તેમની અરજીના સમર્થનમાં સોગંદનામું રજુ કરી અરજીની હકીકતોને સંપૂર્ણપણે પુષ્ટી આપેલ છે. આ ઉપરાંત અરજીના સમર્થનમાં આ કામે નંદાસણ ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રી જયેશકુમાર બળદેવભાઇ રાઠોડની આંક-૧૦ થી સોગંદ પરની જુબાની રજુ કરેલ છે. તેઓ નંદાસણ ગામે તલાટી તરીકે નોકરી કરે છે અને તેમની જુબાની સાથે અરજદારના કાકાના દિકરા ભાઇના જન્મના દાખલાની ખરી નકલ આંક-૧૧ થી રજુ કરેલ છે. આ જન્મનો દાખલો વંચાણે લેવામાં આવે તો તેમાં જન્મનાર અરજદારના કાકાના દિકરા ભાઇનું નામ કનુભાઇ કાળીદાસ પટેલ દર્શાવવામાં આવેલ છે તે જોઇ શકાય છે.

(૩) તેવી જ રીતે અરજીના સમર્થનમાં સામાવાળા તર્ફે શ્રીમતી એમ.પી. પટેલ વિદ્યાલય, નંદાસણ, તા.કડી, જી.મહેસાણાના કર્મચારી અરવિંદજી કાન્તીજી ઠાકોરને આંક-૦૩ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક-૦૪ થી અરજદારના ભાઇના શાળા છોડયાના પ્રમાણપત્ર (એલ.સી.) ની ખરી નકલ તથા આંક-૦૫ થી શાળાના જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે. આંક-૦૪ અને આંક-૦૫ વંચાણે લેતા અરજદારના કાકાના દિકરા તેમના ભાઇનું નામ પટેલ કનૈયાલાલ કાળીદાસ લખાવવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. આમ, અરજદારના ભાઇના તલાટી દ્વારા રજુ કરેલ જન્મનું રેકર્ડ તથા રજુ થયેલા શાળાના રેકર્ડની સરખામણી કરતા તેમના ભાઇના નામમાં મહત્વનો ફેરફાર હોવાની સાબિતી મળે છે. ત્યારબાદ આંક-૦૮ થી જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી કડિયા રોનકકુમાર ડાહ્યાભાઇની સોગંદનામા સ્વરૂપની સરતપાસ રજુ કરવામાં આવેલ છે. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક-૦૯ થી તેમની કચેરી તરફથી આપવામાં આવેલ પત્ર રજુ કરેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો-૧૯૭૪ ની કલમ ૧૨-(ક)(૬) મુજબ વિધાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમાંની નોંધોમાં કોઇ ફેરફાર કરવાનો તેમને અધિકાર નથી. આમ, જીલ્લા શિક્ષણાધિકારીને શાળાના રેકર્ડમાં ફેરફાર કરવાનો અધિકાર ન હોઇ અરજદારે અત્રેની કોર્ટમાં હાલની અરજી કરવી પડેલ હોય તેમ જણાઇ આવે છે. વધુમાં અરજદારે પોતાની અરજીની પુષ્ટીમાં આંક-૦૬ થી અરજદાર પટેલ

ભીખાભાઇ શંકરદાસ તથા આંક–૦૭ થી જન્મનાર પટેલ કનુભાઇ કાળીદાસે સોગંદ પરની જુબાની આપી આંક–૧ ની અરજીની હકીકતોને સંપૂર્ણપણે પુષ્ટી આપેલ છે, જેથી અરજીની હકીકતોને નહી માનવાને કોઈ કારણ નથી. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરવામાં આવેલ છે. તેમજ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠાકોર નિલેશ શિશીરભાઈ વિરૂધ્ધ ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડના કેસમાં આપેલ ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૭, વોલ્યુમ–૩ ના પાના નંબર–૨૨૭૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, જે ચુકાદાની વિગતવાર ચર્ચા કર્યા મુજબ અરજદારે અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવાની નામદાર અદાલતને સત્તા પહોંચે છે, જે સદરહું ચુકાદાના પાના નં.૩ અને પેરા નં.૩ નો મહત્વનો ભાગ જોતા નિર્દેશિત થાય છે, જે નોંધવો જરૂરી જણાતો હોઈ તેમાં નીચે મુજબનો ઉલ્લેખ થયેલો છે.

......this court can always direct the subordinate Court in the state to make necessary inquiry and issue proper certificate in accordance with findings arrived at after the inquiry. In the back ground of the provision stated above , it also appears that the learned Judicial Magistrate of the area can be the proper authority to make such inquiry and issue certificate to the concerned student. The procedure which is being followed for the correction of the birth date in the school record after the pupil has left the school can be also be applied or followed in other matters such as change in the name, cast/religion, place of birth etc.

આમ, ઉપરોકત ચુકાદો વંચાણે લેતા આ કામે અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ આપવાની આ અદાલતને સત્તા અને હકૂમત છે તેવું જણાઈ આવે છે.

(૪) ઉપરોકત સાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓ તથા રજુ દસ્તાવેજી પુરાવા નજર સમક્ષ રાખતા જન્મનાર અરજદારના કાકાના દિકરા તેમના ભાઈના નામમાં ફેરફાર અને વિસંગતી જણાતા અરજદારે હાલની અરજી કરી શાળાના રેકર્ડમાં નોંધાયેલ નામમાં સુધારો લાવવા માટેની અરજદારે દાદ માંગેલ હોય તેમ જણાઈ આવે છે. અરજદારના ભાઈના નામમાં માંગ્યા મુજબનો સુધારો કરાવવામાં ન આવે તો તેમને સરકારી ક્ષેત્રની કામગીરીમાં તકલીફ અને મુશ્કેલીઓ ઉભી થાય તો તેમના પુત્રની ભવિષ્યની કારકીર્દી ઉપર અસર પડે તેમ છે. આ સંજોગોમાં અરજીમાં માંગ્યા મુજબનો સુધારો કરાવવો આ અદાલતને ઉચિત અને ન્યાયી જણાતુ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-//<u>હુ ક મ</u> //-**

o અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

o અરજદારના કાકાના દિકરા ભાઈનું સાચું અને ખરું નામ પટેલ કનુભાઈ કાળીદાસ છે, તેવું આથી પ્રમાણિત કરવામાં આવે છે.

o આ કામના સામાવાળાના સંબંધિત અધિકારીશ્રીએ તે મુજબ શાળાના રેકર્ડમાં ફેરફાર (સુધારો) કરવો.

o સદરહું હુકમની યાદી સામાવાળાને કરવી.

હુકમ આજરોજ તારીખ-૧૭મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૭-૦૩-૨૦૨૬ (રામ કુમાર આર્ય)
સ્થળ: કડી એડી. ચીફ જ્યુડી. મેજી., કડી.
Code No.GJ 01324